CITY પલ્સ

World Environment Day

email: citypulse@gujaratmitra.in

ગુજરાતમિત્ર

શુક્રવાર ૫ જૂન, ૨૦૨૬

# પોલીસની અનોખી પહેલ, ગ્રીન બનાવ્યા પોલીસ સ્ટેશન અને ચોકી

CITY સ્ટોરી




ગ્લોબલ વોર્મિંગને કારણે પૃથ્વીનું તાપમાન સતત વધી રહ્યું છે. આપણે સુરતીઓ વધતા તાપમાનને કારણે અત્યારે અસહ ગરમીથી હેરાન થઈ રહ્યં છીએ. આ સમસ્યાથી છુટકારો મેળવવા વૃક્ષારોપણ સૌથી અસરદાર પ્રાકૃતિક સમાધાન છે. તેવામાં સુરત પોલીસ પણ હવે કાયદો અને વ્યવસ્થા જાળવવાની સાથે વૃક્ષારોપણનું મહત્ત્વ લોકોને સમજાવવા તેમના પોલીસ સ્ટેશન પરિસરને ટ્રી પ્લાન્ટેશનથી લીલાછમ બનાવી રહી છે. સુરત પોલીસ પણ સુરતને હરિયાળું બનાવવા માટેની સામાજિક જવાબદારી ઉઠાવીને પોલીસ સ્ટેશનમાં પોઝીટીવ વાઇબ્સ ઉભી કરી રહી છે. આપણા સુરત સિટીના એક પોલીસ સ્ટેશન પરિસરમાં તો લગભગ એક હજાર વૃક્ષોથી મિયાવાકી ફૉરેસ્ટ ઉભું કરાયું છે. અન્ય એક પોલીસ સ્ટેશન તો કુદરતી રીતે જ હરિયાળું છે. નવા બનેલા પોલીસ સ્ટેશન અને પોલીસ ચોકીમાં ગ્રીન કોન્સેપ્ટ જોવા મળી રહ્યે છે. ચાલો આપણે ગાર્ડન જેવું ફિલ કરાવતા સુરત સિટીના પોલીસ સ્ટેશન અને પોલીસ ચોકીની ગ્રીન ગ્રીન વાતો કરીએ...



## કાપોદ્રા પોલીસ સ્ટેશનમાં એક હજાર પ્લાન્ટ્સથી મિયાવાકી ફોરેસ્ટ ઊભું કરાયું છે: PI એમ.આર. સોલંકી (કાપોદ્રા)

કાપોદ્રા પોલીસ સ્ટેશનની ગ્રીનરી તો ઉડીને આંખે વળગે એવી છે. આ પોલીસ સ્ટેશનની એક જગ્યામાં બે વર્ષ પહેલા મુદ્દામાલમાં ઝડપાયેલા વાહનો રહેતા જેને કારણે ત્યાં ભંગાર જેવું લાગતું જેને બીજી જગ્યામાં શિફ્ટ કરીને ત્યાં મિયાવાકી ફોરેસ્ટ ઊભું કરવામાં આવ્યું. પોલીસ સ્ટાફનું કામ ખાસ્સું સ્ટ્રેસફૂલ હોય છે ત્યારે પોલીસ સ્ટેશન પરિસરમાં ગ્રીનરી હોય તો શુદ્ધ હવા પોઝિટિવ વાઈબ્સ ઊભી કરે છે. આ પોલીસ સ્ટેશનના PI એમ.આર. સોલંકી દ્વારા જણાવવામાં આવ્યું કે, અહીંયા 30 જેટલા મોટા વૃક્ષો અને એક હાજર જેટલા પ્લાન્ટ્સ છે. પોલીસ સ્ટેશન પરિસર હરિયાળુંજ લાગે. પર્યાવરણ જતનના સંદેશ આપતા પૂતળા તો છે જ સાથે દીવાલ પર ચિત્રો પણ દોરવામાં આવ્યા છે. સોલર ઊર્જા ઉત્પાદન કરી પોલીસ સ્ટેશનનું વીજળી બિલ ઘટાડવામાં આવ્યું છે. રેઈન હાર્વેસ્ટિંગની વ્યવસ્થા પણ છે. અહીં જે પ્લાન્ટ્સ છે તે નેટિવ પીસીસ છે જેનું મેઈન્ટેનન્સ ઓછું આવે છે અને સારું એવું ઓક્સિજન મળે છે. અહીં એરિકા પામ તો ઘણા છે તે સાથે આંબો, બદામ, ચીકુનું ઝાડ છે, પીપળો, લીમડો પણ છે. પોલીસ સ્ટેશનના લોકઅપમાં પણ ગ્રીનરીના મેસેજ આપતા પેઈન્ટિંગ્સ છે જે પોઝિટિવ વાતાવરણ ઊભું કરે છે. અમે અહીં આવતા કેટલાંક લોકોને તુલસીના રોપા પણ આપીને છીએ. આ પોલીસ સ્ટેશનને ગ્રીન પોલીસ સ્ટેશન બનાવ્યું હોવાથી અહીંથી 100 મીટર દૂર જેટલું તાપમાન હશે તેના કરતાં અહીંનું તાપમાન 2-3 ડીગ્રી ઓછું હોવાનો અહેસાસ થાય છે.

## ઘટાદાર વૃક્ષોને કારણે પુણા પોલીસ સ્ટેશન કુદરતની સમીપ લાગે છે: PI સી.બી. ચૌધરી (પુણા)





પુણા પોલીસ સ્ટેશન તો કુદરતની સમીપ જ લાગે. ઘટાદાર વૃક્ષોની હારમાળાની વચ્ચે આ પોલીસ સ્ટેશન સ્થિત છે. અહીંનું પોલીસ સ્ટેશન ગામડાના મકાનો જેવી વાઈબ્સ આપે છે. આ પોલીસ સ્ટેશનના PI સી.બી. ચૌધરી દ્વારા જણાવવામાં આવ્યું કે, અહીંયા પહેલાંથી જ મોટા ઘટાદાર વૃક્ષો તો હતાં જ અને પોલીસ કર્મીઓએ પણ એમાં ઉમેરો કર્યો, જેને કારણે અહીંનું તાપમાન ઓછું લાગે. સાંજે દરેક વૃક્ષ પર પક્ષી બેઠેલા દેખાય. પક્ષીઓના કલરવથી સાંજનું વાતવરણ ખૂબ સરસ લાગે છે. અહીં પોલીસ સ્ટેશનમાં કામે આવતા લોકોને પણ અહીં વાતાવરણ કુદરતી લાગે છે. પાસેની જગ્યામાં 5 જૂન વિશ્વ પર્યાવરણના દિવસે વૃક્ષારોપણ થવાનું છે. અહીં ગ્રાઉન્ડ બનાવવામાં આવી રહ્યું છે જેમાં ક્રિકેટ બોક્સ, ટેનિસ કોર્ટ તૈયાર થશે એટલે લોકો અહીંયા રમવા આવી શકશે. પોલીસ સ્ટેશન પરિસરમાં એક્સરસાઈઝના સાધનો મુકવામાં આવ્યા છે. જ્યારે પોલીસ કર્મીઓને ફુરસદનો સમય હોય ત્યારે કુદરતી વાતાવરણમાં તેઓ એક્સરસાઇઝ કરી શકે છે. આ એક્સરસાઈઝના સાધનો વૃક્ષોની વચ્ચે છે એટલે કસરત કરતી વખતે કુદરતનો નઝારો માણી શકાય છે.

## વોકિંગ કરવા આવતા લોકો અહીંની ગ્રીનરી વચ્ચે વિસામો ખાવા રોકાય છે: PI એન.વી. ભરવાડ (ખટોદરા)






જોગર્સ પાર્ક પોલીસ ચોકી ત્રણ વર્ષ પહેલાં બની છે. આ પોલીસ ચોકી ખટોદરા પોલીસ સ્ટેશનની અંડર આવે છે. આ પોલીસ ચોકી પરિસરની, પાસેના જોગર્સ પાર્ક તથા નજીકના ખેતરની ગ્રીનરી નયનરમ્ય લાગે છે. ખટોદરા પોલીસ સ્ટેશનના PI એન.વી. ભરવાડ દ્વારા જણાવવામાં આવ્યું કે, જોગર્સ પાર્ક પોલીસ ચોકીને બન્યાને ત્રણ વર્ષ થયાં છે. ચોકીનું નિર્માણ ગ્રીન કન્સેપ્ટ પર કરવામાં આવ્યું છે. અહીં 60 જેટલા પ્લાન્ટ્સ રોપવામાં આવ્યા છે જેમાં તુલસી, મની પ્લાન્ટ અને રંગબેરંગી ફુલોના પ્લાન્ટ્સ અહીંથી આવતા જતા લોકોમાં પોઝિટિવ વાઈબ્સ લાવે છે. જોગર્સ પાર્કમાં વોકિંગ માટે આવતા લોકો અહીં થોડીવાર વિસામો લેવા બેસે છે. પોલીસ ચોકીમાં આવતા અરજદાર અને ફરિયાદીને પણ ગ્રીનરી વચ્ચે બેસવું સારું લાગતું હોય છે. અહીં પક્ષીઓ માટે પાણીના કુંડા મુકાયા છે અને દાણા પણ લોકો નાંખતા હોય છે. પક્ષીઓનો કલરવ સાંજના સમયે લોકોને કર્ણપ્રિય લાગે છે. આજુબાજુ ખેતર છે એટલે પણ વાતાવરણ સુકુન ભરેલું લાગે છે. આ ઉપરાંત ખટોદરા પોલીસ સ્ટેશન કેમ્પસમાં પણ સારા એવા ઘટાદાર વૃક્ષોની હારમાળા છે.



## ગ્રાસ શીટની ચાદરથી અશ્વનિકુમાર પોલીસ સ્ટેશનનું પરિસર હરિયાળું બન્યું છે: PI એચ.બી. પટેલ (અશ્વનિકુમાર)



અશ્વનિકુમાર પોલીસ સ્ટેશન તાપી નદી કાંઠે સ્થિત છે. આ પોલીસ સ્ટેશનનું બ્યુટીફીકેશન જોવા આજુબાજુથી પસાર થતા લોકો બે ઘડી ઉભા રહી જાય છે. અહીં જૂના મોટા ઝાડો તો છે જ સાથે નવા પ્લાન્ટ્સ પણ રોપવામાં આવ્યા છે. પોલીસ સ્ટેશનનું પરિસર 100 જેટલા પ્લાન્ટ્સથી સુશોભિત કરાયું છે. ગ્રાસની શીટ બિછાવવામાં આવી છે એને કારણે પરિસર લીલુંછમ લાગે છે. આ પોલીસ સ્ટેશનના PI એચ.બી.પટેલ દ્વારા જણાવવામાં આવ્યું કે, પર્યાવરણ જતનનો સારો મેસેજ લોકો સુધી જાય તે ઉદ્દેશ્યથી આ પોલીસ સ્ટેશનના પરિસરમાં ગ્રીન કોન્સેપ્ટને સાકાર કરવામાં આવ્યો છે. અહીં બદામડી, નારિયેળી, ખજૂરી, લીમડો, વડ તો છે જ સાથે બોગન વેલ, બારમાસી,મની પ્લાન્ટ પણ છે. અરજદાર અહીંની ગ્રીનરીને આંખ ભરીને જોઈ શકે તે માટે બે ગઝીબો બનાવ્યા છે. ઉપરાંત સાંજના સમયે અહીંનું વાતાવરણ શાંત અને મનને પ્રફુલ્લિત કરી જાય તેવું હોય છે. પોલીસ સ્ટેશનની અંદર બાળકો માટે પ્લે એરિયા પણ બનાવાયો છે જ્યાં કર્મચારીઓના બાળકો રમી શકે છે.



## Y જંકશન પોલીસ ચોકી પરિસર તો ગાર્ડન જેવી ફીલિંગ આપે છે

Y જંકશન પોલીસ ચોકીનું ગ્રીન કોન્સેપ્ટ પર સરસ બ્યુટીફીકેશન કરાયું છે. અહીં 100-150 જેટલાં પ્લાન્ટ્સ ઉપરાંત રાહદારીઓ અને પોલીસ ચોકીમાં આવતા અરજદારો માટે બેસવા માટેનું જે વ્યવસ્થા(ગઝીબો) કરવામાં આવી છે તેની ચારે તરફથી પ્લાન્ટ્સથી ખૂબસૂરત બનાવવામાં આવી છે. સ્ટ્રક્ચર ની અંદર બાંકડા પાસે પણ પ્લાન્ટ્સના કુંડા ગોઠવવામાં આવ્યા છે. હેંગીગ ફલાવર પોટ્સ અને આ સ્ટ્રક્ચરની એક સાઈડ ગ્રીન વેલાથી ઢંકાયેલી છે. પોલીસ ચોકીમાં આવતા અરજદાર અને રાહદારી થોડો સમય અહીં વિસામો લે એટલે તેમને અહીં ગાર્ડન જેવી ફીલિંગ આવતી હોય છે.

# સુરતીઓના પર્યાવરણ જતનના સંદેશા આપતા અનોખા ઘરો

CREATIVE માઈન્ડ્સ

સુરત સિટીમાં એવા અનોખા ઘર પણ છે જે ઈકો ફ્રેન્ડલી છે. આ ઘરો તરફ નજર પણ પડે તો એવું લાગે જાણે ઘરને જ ગાર્ડનમાં કન્વર્ટ કરી નાખવામાં આવ્યા છે. કોઈના ટેરેસ ગાર્ડનમાં ઘણી બધી વેરાયટીમાં બોન્સાઈ પ્લાન્ટ્સ છે. તો કોઈએ પોતાના ઘરને ઊંચા ઊંચા વૃક્ષોની હારમાળામાં ઢાંકી નાખ્યું છે. તો વળી એક બંગલો તો ફ્લાવર્સ વેલીથી એટલો ખૂબસૂરત ડેકોરેટ કરાયો છે કે તેની તરફ વળી વળીને જોવાનું મન થઈ જાય. સુરતીઓ ખાવાના શોખીન તો છે જ સાથે વૃક્ષ પ્રેમી પણ છે. ચાલો પર્યાવરણનું જતન કરવા માટેના મેસેજ આપતા આ ઘરોની દિલ ગાર્ડન ગાર્ડન થઈ જાય તેવી વાતો કરીએ...



## ફૂલોની વેલીઓ ચઢાવી બંગલાની ખૂબસૂરતી વધારી

યુનિવર્સિટી રોડ, વેસુમાં રહેતા સનતભાઈ રેલીયાનો બંગલો બોગનવેલીના ફુલોથી ખૂબસૂરત લાગે છે. સનતભાઈએ જણાવ્યું કે, મારો બંગલો ત્રણ માળનો છે અને તેની ઉપર ટેરેસ છે. મેં બંગલાની ચારે તરફની એક એક ટાઈલ્સ ખોલી જે જગ્યા મળી તેમાં બોગનવેલી, મોગરાની વેલી, જુઈ, ચમેલી અને રાતરાણી, જાસૂદની વેલીના રોપા વાવ્યા હતા. ચાઈનીઝ રાતરાણીની વેલી ઉપરાંત એરિકા પામ અમુક જગ્યા પર લગાવ્યા છે અને પાંડવ વેલ પણ. આ વેલીઓ હવે એટલી ઊંચી થઈ ગઈ છે કે તે મારા બંગલાને આંબીને ઊંચે જાય છે. મેં આ અનોખું પ્લાન્ટેશન મિયાવાકી પદ્ધતિથી કર્યું છે. વેલી પરના કલરિંગ ફુલોથી મારા બંગલાની ખૂબસૂરતી તો વધી જ છે સાથે તાપમાન ત્રણ થી ચાર ડીગ્રી ઘટે છે.







## ફૂટબોલ, ફલાવર, રિંગ, હાર્ટ આકારના બોન્સાઇ પ્લાન્ટ્સનું ટેરેસ ગાર્ડન

અડાજણમાં રહેતા ભરતભાઈ પટેલના ઘરના ટેરેસ પર તમે પગ મુકશો તો તમારા મોઢામાંથી ‘વાઉ’, ‘અદ્ભૂત’ શબ્દ સરી પડશે. તેમણે બોન્સાઈ આર્ટમાં માસ્ટરી મેળવી તેમના ટેરેસને બોન્સાઈ અને એડીનીયમ પ્લાન્ટ્સનું ગાર્ડન બનાવી દીધું છે. તેમણે જણાવ્યું કે, મારા ઘરની ટેરેસ પર 300 જેટલાં પ્લાન્ટ્સ છે જેમાં હાર્ટ શેપ, ફૂટબોલ શેપ, રિંગ અને ફલાવર આકારના પ્લાન્ટ્સ આકર્ષણનું કેન્દ્ર બન્યા છે. શરૂઆતમાં બોન્સાઈ આર્ટથી તૈયાર કરેલો વડનો રોપો હજી છે.

### બોન્સાઇમાં વડ, પીપળા ઉપરાંતના પ્લાન્ટ્સ

ભરતભાઈએ પટેલે વાઈફ મનીષાબેન અને બંને બાળકોના સપોર્ટથી લોકલ પ્લાન્ટ્સમાં વડ, પીપળા, પીપળી, ખાટી આંબલીના બોન્સાઇ પ્લાન્ટ્સ ઉપરાંત માઈક્રો કાર્પા, લોન્ગા આઇલેન્ડ, ગ્રીન આઇલેન્ડ, પ્રેમના આ બોન્સાઇ વેરાયટી પણ તૈયાર કરી છે. તેઓ અનોખા લુકના પ્લાન્ટ માટેના પોટ્સ પણ માટી, રેતી અને સ્ટોનથી જાતે બનાવે છે. તેમણે જણાવ્યું કે આ પ્લાન્ટ્સ મારા માટે મારા બાળકો જ છે.

## આ ઘર તો ઊંચા ઊંચા વૃક્ષોથી ઢંકાય ગયું છે



ઘોડદોડ રોડ પર ગીરીશભાઈ પટેલનો બંગલો છે. આ બંગલો ચારે બાજુથી ઊંચા ઊંચા વૃક્ષોથી ઢંકાય ગયો છે. આ મકાનની આજુબાજુ એપાર્ટમેન્ટ્સ આવેલા છે એટલે બંગલાને પ્રાઈવસી મળે અને ગાર્ડનિંગનો શોખ પૂરો થાય તે માટે 1996માં બંગલાની ચારેતરફે રોપા લગાવવામાં આવ્યા, જે સમય જતા વૃક્ષોમાં પરિવર્તિત થયા. ગીરીશભાઈ પટેલે જણાવ્યું કે, બંગલો ગ્રાઉન્ડ ફ્લોર પ્લસ એક માળનો છે. હવે વૃક્ષો 4 અને 5 માળ સુધીના ઊંચા થયા છે એને કારણે અમારું ઘર ઢંકાઈ ગયું છે. અમે નેટિવ પલાન્ટ્સ એટલે કે, લીમડો, જાંબુ, રક્તચંદન, આંબો વગેરેના રોપા લગાવ્યા હતા. અત્યારે ઉનાળામાં મબલખ જાંબુ ખાવા મળી રહ્યા છે અને કેરી પણ. આ વૃક્ષોને કારણે ઘરમાં ઠંડક રહે છે. જ્યારે ચોમાસુ ચાલુ થશે તો વૃક્ષો લીલાછમ થઈ જશે અને તેના પાંદડા પરથી વરસાદી પાણીના ટીપાં ટપકશે એટલે તો નઝારો બેહદ ખુબસૂરત બની જશે.